# ટાઇટલ VI પ્રોગ્રામ સંબંધી ફરિયાદની પ્રક્રિયાઓ

*1964ના સિવિલ રાઇટ્સ એક્ટનું ટાઇટલ VI ફેડરલ ફાઇનાન્શિયલ આસિસ્ટન્સ પ્રાપ્ત કરવાના પ્રોગ્રામોમાં વંશ, રંગ અથવા મૂળ રાષ્ટ્રીયતાના આધારે ભેદભાવ કરવાને પ્રતિબંધિત કરે છે.*

નીચેની માહિતી પ્રોગ્રામો, સેવાઓ અને ફાયદાઓ પૂરા પાડવા સંબંધી MoDOTની ટાઇટલ VI પ્રોગ્રામને લગતી ફરિયાદની પ્રક્રિયાઓની રૂપરેખા આપે છે. આ પ્રક્રિયાઓ ફરિયાદીને એક ઔપચારી ફરિયાદ નોંધાવવાની મનાઇ કરતી નથી. ફરિયાદીઓને સીધી Missouri કમિશન ઓન હ્યુમન રાઇટ્સ, ઇક્વલ એમ્પ્લોયમેન્ટ ઓપર્ચ્યુનિટી કમિશન, ફેડરલ ટ્રાન્ઝિટ એડ્મિનિસ્ટ્રેશન (FTA), ફેડરલ હાઇવે એડ્મિનિસ્ટ્રેશન (FHWA), ફેડરલ એવિએશન એડ્મિનિસ્ટ્રેશન (FAA) અથવા ફેડરલ મોટર કેરિયર સેફ્ટી એડ્મિનિસ્ટ્રેશન (FMCSA) જેવી યોગ્ય સ્ટેટ અથવા ફેડરલ એજન્સી પાસે ફરિયાદ નોંધાવવાનો અથવા કોઇપણ પ્રકારના ભેદભાવ, ધાકધમકી અથવા પ્રતિકાર સામેની ફરિયાદો માટે ખાનગી સલાહ મેળવવાનો અધિકાર છે.

તે અથવા તેણી, વ્યક્તિગત અથવા કોઇ ખાસ વર્ગના વ્યક્તિ રૂપે વંશ, રંગ અથવા મૂળ રાષ્ટ્રીયતાના આધારે ભેદભાવનો શિકાર બની હોવાનું માનતી કોઇપણ વ્યક્તિ નીચેના પાસે એક લેખિત ફરિયાદ નોંધાવી શકે છે:

*Missouri Department of Transportation*
*External Civil Rights Division*
*Title VI Coordinator*
*P.O. Box 270*
*Jefferson City, Missouri 65102-0270*

અથવા અહીં ઇમેઇલ દ્વારા:

*TitleVI@modot.mo.gov*

ફરિયાદોનો વહેલો ઉકેલ લાવવા માટે દરેક પ્રકારનો પ્રયત્ન કરવામાં આવશે. આવા ઉકેલની સુવિધા માટે પ્રભાવિત પક્ષો અને ટાઇટલ VIના કોઓર્ડિનેટર વચ્ચે અનૌપચારિક મીટિંગ(મીટિંગો)ના વિકલ્પનો ઉપયોગ પણ કરી શકાય છે.

**પ્રક્રિયાઓ**

1. ફરિયાદી દ્વારા નીચેની જરૂરીયાતોને સંતોષવામાં આવવી જોઇએ:
    a. ફરિયાદ લેખિતમાં હોવી જોઇએ અને ફરિયાદી(ફરિયાદીઓ) દ્વારા સહી કરેલી હોવી જોઇએ. જો ફરિયાદી લેખિત નિવેદન આપવામાં અસમર્થ અથવા અક્ષમ હોય તેવા કેસમાં એક મૌખિક ફરિયાદ સ્વીકારી શકાય છે. ટાઇટલ VIના કોઓર્ડિનેટર ફરિયાદીની મુલાકાત લેશે અને મૌખિક ફરિયાદનું લેખિતમાં રૂપાંતર કરવામાં ફરિયાદીને સહાય કરશે. બધી ફરિયાદો પર ફરિયાદી અથવા તેના/તેણીના પ્રતિનિધિ દ્વારા સહી કરવામાં આવવી જોઇએ.
    b. કથિત ભેદભાવની ઘટના બન્યાની અથવા ફરિયાદીને કથિત આરોપની જાણ થઇ હોવાની તારીખ, જ્યારે આચરણ બંધ કરવામાં આવ્યું હોય ત્યારની તારીખ અથવા તેવા આચરણનો તાજું ઉદાહરણ સમાવિષ્ટ કરો.
    c. ફરિયાદમાં પક્ષો રૂપે રજૂ કરવામાં આવેલ વ્યક્તિઓના નામ અને નોકરીના હોદ્દા સહિત તે સમસ્યાઓનું વિગતવાર વર્ણન આપો.
    d. ફેડરલ અને સ્ટેટના કાયદા અનુસાર એ જરૂરી છે કે કથિત ઘટનાના 180 દિવસની અંદર ફરિયાદો નોંધાવવામાં આવવી જોઇએ.



એક્સેસિબલ ફોર્મેટો: આ દસ્તાવેજને વિનંતી કરવા પર એક્સેસિબલ ફોર્મેટોમાં ઉપલબ્ધ કરી આપવામાં આવે છે. આ ફરિયાદ પ્રક્રિયાઓ તેમજ આ એક્સેસિબલ ફોર્મેટો સંબંધી માહિતીની પેપર નકલો પ્રાપ્ત કરવા માટે (573)526-2978 પર MoDOTના એક્સટર્નલ સિવિલ રાઇટ્સ ડિવિઝનને કૉલ કરો. સાંભળવાની સમસ્યાઓ ધરાવતા લોકો કૉલ સંબંધી સહાય મેળવવા માટે (800)735-2966 પર Missouri રીલે સેવાનો સંપર્ક કરી શકે છે.

# ટાઇટલ VI પ્રોગ્રામ સંબંધી ફરિયાદની પ્રક્રિયાઓ

2. ફરિયાદ મળ્યા બાદ, ટાઇટલ VIના કોઓર્ડિનેટર અધિકારક્ષેત્ર, ફરિયાદની સ્વીકાર્યતા, વધારાની માહિતીની જરૂરીયાતને નિર્ધારિત કરશે અને તે અનુસાર ફરિયાદની તપાસ સોંપશે. સૂચના: FHWA દ્વારા ભંડોળ પૂરું પાડેલા પ્રોગ્રામો અથવા પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી કોઇપણ ફરિયાદો સિવિલ રાઇટ્સના FHWAના મુખ્યમથકોની ઑફિસ સુધી જશે, જ્યાં તેમની પ્રક્રિયા અનુસાર ફરિયાદની તપાસ કરવામાં આવશે. ફરિયાદીઓ તે પ્રક્રિયાઓને અહીં જોઇ શકે છે.

3. ફરિયાદ મળ્યાના 10 દિવસની અંદર ફરિયાદીને એક લેખિત સ્વીકૃતી પૂરી પાડવામાં આવશે કે MoDOT દ્વારા તેમની ફરિયાદને સ્વીકૃતી અથવા અસ્વીકૃતી આપવામાં આવેલ છે.

4. સ્વીકૃતી માટે ફરિયાદ નીચેના માપદંડને સંતોષવી જોઇએ:
   a. કથિત ઘટના બન્યાના 180 દિવસની અંદર ફરિયાદ નોંધાવવામાં આવવી જોઇએ.
   b. આરોપોમાં વંશ, રંગ અથવા મૂળ રાષ્ટ્રીયતા જેવો ભેદભાવનો એક આધાર સમાવિષ્ટ હોવો જોઇએ.
   c. આરોપમાં કોઇ ફેડરલ-એડ પ્રાપ્તકર્તા, પેટા-પ્રાપ્તકર્યા અથવા કોન્ટ્રાક્ટરની એક MoDOT સેવા સમાવિષ્ટ હોવી જોઇએ.

5. નીચેના કારણોને લીધે ફરિયાદને બરતરફ કરવામાં આવી શકે છે:
   a. ફરિયાદી દ્વારા ફરિયાદને પાછી લેવાની વિનંતી કરવામાં આવે.
   b. ફરિયાદની પ્રક્રિયા માટે જરૂરી એવી વધારાની માહિતી માટે વારંવાર કરવામાં આવતી વિનંતીનો ઉત્તર આપવામાં ફરિયાદી નિષ્ફળ રહે.
   c. ફરિયાદીને શોધવાના નોંધપાત્ર પ્રયત્નો કર્યા બાદ ફરિયાદીને શોધી શકાય નહીં.

6. MoDOT દ્વારા તપાસ માટે ફરિયાદને સ્વીકારવાનો નિર્ણય કર્યા પછી, ફરિયાદીને આવા નિર્ણયની એક લેખિત સૂચના મોકલવામાં આવશે. ફરિયાદી એક કેસ નંબર પ્રાપ્ત કરશે અને ફરિયાદીના નામ અને ફરિયાદના આધારને ઓળખતા એક ડેટાબેઝમાં લૉગિન કરશે.

7. જો MoDOT ફરિયાદની તપાસ કરવાનું માને તો ફરિયાદની સ્વીકૃતીના 90 દિવસની અંદર, એક્સટર્નલ સિવિલ રાઇટ્સના ડિરેક્ટર દ્વારા સમીક્ષા કરવા માટે ટાઇટલ VIના કોઓર્ડિનેટર અથવા નિયુક્ત તપાસકર્તા દ્વારા એક તપાસ રિપૉર્ટ તૈયાર કરવામાં આવશે. આ રિપૉર્ટમાં તે ઘટનાનું વર્ણન, મુલાકાત લીધેલી વ્યક્તિઓની ઓળખ, તારણો અને ભલામણો સમાવિષ્ટ હશે.

8. તપાસ રિપૉર્ટ અને તેના તારણોની MoDOTના ડિરેક્ટર અથવા નિયુક્ત પદાધિકારી તેમજ એક્સટર્નલ સિવિલ રાઇટ્સના ડિરેક્ટર અને ચિફ કાઉન્સેલની ઑફિસ દ્વારા સમીક્ષા કરવામાં આવશે.

9. MoDOTના ડિરેક્ટર અથવા નિયુક્ત પદાધિકારી ફરિયાદના નિકાલ સંબંધી એક નિર્ણય લેશે. જો એવું જોવા મળે કે MoDOT ટાઇટલ VI નિયમોનું પાલન કરતું નથી તો ઉપાયકારક પગલાંઓ લેવામાં આવશે.

10. ડિરેક્ટરના નિર્ણયવાળી સૂચના ફરિયાદીને મોકલવામાં આવશે. આ સૂચનામાં અપીલ કરવાના અધિકાર સંબંધી માહિતી અને અપીલની પ્રક્રિયા કેવી રીતે શરૂ કરવા સંબંધી માર્ગદર્શન સમાવિષ્ટ હશે. અપીલ સંબંધી સૂચના નીચે મુજબ હોય છે:
    a. જો નવા તથ્યો જાહેર કરવામાં આવે તો, MoDOT તેના શરૂઆતના નિર્ણય પર પુર્નવિચાર કરશે.
    b. જો ફરિયાદી MoDOT દ્વારા કરેલા નિર્ણય અને/અથવા ઉકેલથી સંતુષ્ટ ના હો તો, તે જ ફરિયાદને તપાસ માટે સીધી યોગ્ય સ્ટેટ અથવા ફેડરલ એજન્સી પાસે નોંધાવી શકાય છે જેમ કે, સીધી Missouri કમિશન ઓન હ્યુમન રાઇટ્સ, ઇક્વલ એમ્લોયમેન્ટ ઓપર્ચ્યુનિટી કમિશન, ફેડરલ ટ્રાન્ઝિટ એડ્મિનિસ્ટ્રેશન (FTA), ફેડરલ હાઇવે એડ્મિનિસ્ટ્રેશન (FHWA), ફેડરલ એવિએશન એડ્મિનિસ્ટ્રેશન (FAA) અથવા ફેડરલ મોટર કૅરિયર સેફ્ટી એડ્મિનિસ્ટ્રેશન (FMCSA).

# ટાઇટલ VI પ્રોગ્રામ સંબંધી ફરિયાદની પ્રક્રિયાઓ

11. ફરિયાદની અને MoDOTના તારણોના પત્રની એક નકલને ફરિયાદ પ્રાપ્ત થવાના 120 દિવસની અંદર યોગ્ય USDOT ફેડરલ એજન્સી પાસે મોકલવામાં આવશે.

12. ફરિયાદના સારાંશ અને તેના ઉકેલને યોગ્ય USDOT ફેડરલ એજન્સીના ટાઇટલ VIના અપડેટના ભાગ રૂપે સમાવિષ્ટ કરવામાં આવશે.

13. ટાઇટલ VIના તપાસ રિપૉર્ટને ત્રણ વર્ષ સુધી જાળવી રાખવામાં આવશે અને તેને અનુપાલન સમીક્ષાના ઑડિટ માટે ઉપલબ્ધ કરવામાં આવશે.